સ.પ્ર.મુ.ગાં. (૨૧૫)-૮૩૬-૨૫૦૦-૧-૨૦૦૫

રાજ્ય સરકારના ઇ-ગવર્નન્સની નીતિ અંગે વર્ગ-૧ થી વર્ગ-૩ની સીધી ભરતી તેમજ બઢતીમાં કોમ્પ્યુટરની જાણકારી હોવાનું ફરજીયાત બનાવવા અંગે.

સી. સી. સી.જી લેવલ સમકક્ષ અભ્યાસક્રમ જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૩-૬૭૨/(૧)/ગ.૨
સચિવાલય, ગાંધીનગર,
તારીખ : ૧૩મી જાન્યુઆરી-૨૦૦૫

વંચાણમાં લીધા :- (૧) સામાન્ય વહીવટ વિભાગનો સરખા ક્રમાંકનો તા. ૧૧-૮-૦૩નો તથા તા. ૧૭-૮-૨૦૦૪નો પરિપત્ર

ઠરાવ

રાજ્ય સરકારની ઇ-ગવર્નન્સની નીતિ અંગે વર્ગ-૧ થી વર્ગ-૩માં સીધી ભરતી તથા બઢતીમાં કોમ્પ્યુટરની જાણકારી હોવાનું ફરજીયાત બનાવવા અંગેની સૂચનાઓ તથા કાર્યપધ્ધતિ અંગે સામાન્ય વહીવટ વિભાગના સરખા ક્રમાંકના તા. ૧૧-૮-૨૦૦૩ અને તા. ૧૭-૮-૨૦૦૪ ના પરિપત્રોથી સૂચનાઓ આપવામાં આવી છે.

સીધી ભરતી માટે DOEACC સોસાયટીની સી. સી. સી. લેવલની અથવા રાજ્ય સરકાર નક્કી કરે તેવા લેવલની કોમ્પ્યુટર પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ. તથા સી. સી. સી. લેવલ સમકક્ષ લાયકાતો/કોર્ષ અંગેનાં પ્રમાણપત્રો ભરતી કરનાર એજન્સીએ મેળવવાના રહેશે તેવી સૂચનાઓ આપવામાં આવી છે. આથી સી. સી. સી. સમકક્ષ અભ્યાસક્રમો જાહેર કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે સરકાર માન્ય યુનિવર્સિટી/પોલીટેકનીક/તાલીમી સંસ્થામાંથી મેળવેલ આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ અભ્યાસક્રમો/કોર્ષના પ્રમાણપત્રો/માર્કશીટને સી. સી. સી. લેવલ સમકક્ષના અભ્યાસક્રમ તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

રાજ્ય સરકારની ભરતી કરનાર એજન્સીએ ભરતી નિયમોની જોગવાઇઓ અન્વયે કોમ્પ્યુટર જ્ઞાન અંગેની જાણકારી માટે DOEACC સોસાયટીની સી. સી. સી. લેવલ ઉપરાંત આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ અભ્યાસક્રમોનાં પ્રમાણપત્રો માન્ય ગણવાના રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સાયન્સ અને ટેકનોલોજી વિભાગની તા. ૨૭-૧૨-૦૪ની નોંધથી મળેલ સંમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આઇ. એન. સોલંકી
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

* રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.

* મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.

* વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
* તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
* સચિવાલયના તમામ વિભાગ.
* સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ.
* સર્વે ખાતાના વડાઓ.
* સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ/અધિકારીઓ.
* સિલેકટ ફાઇલ ગ. ૨. શાખા.

* પત્ર દ્વારા

સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩-૧-૨૦૦૫ના ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૦૩/૬૭૨(૧)/ગ. ૨. નું બિડાણ :-

## <u>પરિશિષ્ટ</u>

રાજ્ય સરકારમાં સીધી ભરતી કે બઢતી મેળવવા માટે સી. સી. સી. લેવલની સમકક્ષ ગણવાના કેસોની યાદી :-

(૧) સી. સી. સી. લેવલ સમકક્ષ અભ્યાસક્રમો :-

**(A) Certificate Level Courses :**

a) Certification in Computer Application
b) Certification in Computer Programming
c) Certificate in Computing (CIC)
d) Certification Course on Computer Concept

**(B) DOEACC (Department of Electronics Accreditation of Computer Courses) :**

a) 'O' Level Course
b) 'A' Level Course
c) 'B' Level Course
d) 'C' Level Course

(૨) નીચે જણાવેલ અભ્યાસક્રમો સી. સી. સી. લેવલ થી ઉચ્ચકક્ષાના હોઇ આ અભ્યાસક્રમોના પ્રમાણપત્રો/માર્કશીટને પણ માન્ય અભ્યાસક્રમ ગણવામાં આવે છે :-

**(C) Post Graduate Level Courses :**

a) Master of Engineering in Computer (ME-Computer)
b) Master of Engineering in Information Technology (ME-IT)
c) Master of Engineering in Electronics & Communication (ME-EC)
d) Master of Engineering in Instrumentation & Control (ME-IC)
e) Master of Computer Application (MCA)
f) Master of Science in Computer (MSc/MS-Computer)
g) Master of Science in Information Technology (MSc-IT)

**(D) Graduate Level Courses :**

a) Bachelor of Engineering in Computer (BE-Computer)
b) Bachelor of Engineering in Information Technology (BE-IT)
c) Bachelor of Engineering in Electronics & Communication (BE-EC)
d) Bachelor of Engineering in Instrumentation & Control (BE-IC)
e) Bachelorr of Computer Application (BCA)
f) Bachelor of Science in Computer (BSc/MS-Computer)
g) Bachelor of Science in Information Technology (BSc-IT)

**(E) Diploma Level Courses :**

a) Diploma in Computer Management
b) Diploma in EDP (Electronics Data Processing)
c) Diploma in Advanced Computing (DCA)
d) Diploma in Computer & Office Automation/Management

---